અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ હુકમ (સુધારો) અધિનિયમ-૨૦૦૨ અન્વયે ગુજરાતની અનુસુચિત જનજાતિની યાદીમાં કરવામાં આવેલ સુધારા વધારા અંગે.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા (આદિજાતિ વિકાસ) વિભાગ
હુકમ ક્રમાંક : અજસ-૨૦૦૩-૨૦-જીઓઆઇ.૨૩-ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૫- ૯ - ૨૦૦૩

વંચાણમાં લીધા :-

(૧) ભારત સરકારના કાયદો, ન્યાય અને કંપની બાબતોના મંત્રાલયનો અનુસુચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના હુકમો (સુધારા) અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬ નો ૧૦૮ મો) તા.૧૮-૯-૧૯૭૬

(૨) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૬-૭-૧૯૭૮ નો પરિપત્ર ક્રમાંક : એસ.ટી.ડબલ્યુ.-૧૦૭૭-૭૫૪૦(૭૮)-જ.

(૩) ભારત સરકારના કાયદો, ન્યાય અને કંપની બાબતોના મંત્રાલયનો અનુસુચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના હુકમો (સુધારા) અધિનિયમ, ૨૦૦૨ (૨૦૦૩ નો ૧૦ મો) તા.૮-૧-૨૦૦૩

---::: <u>ઠરાવ</u> :::---

ભારત સરકારના વંચાણે લીધેલા (૧) મુજબના ભારત સરકારના કાયદો, ન્યાય અને કંપની બાબતોના મંત્રાલયના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ હુકમો (સુધારા) અધિનિયમ, ૧૯૭૬ (૧૯૭૬ નો ૧૦૮ મો) તા.૧૮-૯-૭૬ મુજબ તેના બીજા શીડયુલના ભાગ-૪ પ્રમાણે ગુજરાત રાજ્યમાં નીચે દર્શાવેલ નંબરો સામેની જાતિઓનો અનુસૂચિત જનજાતિમાં સમાવેશ થયેલ છે.

૯. ઢોડિયા
૧૫. કોળી (કચ્છ જિલ્લામાં)
૨૦ પારધી (કચ્છ જિલ્લામાં)
૨૬. સીદ્દી (અમરેલી, ભાવનગર, જામનગર, જૂનાગઢ, રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં)
૨૭. વાઘરી (કચ્છ જિલ્લામાં)

૨. વંચાણે લીધેલા (૩) મુજબના ભારત સરકારના કાયદો, અને ન્યાય મંત્રાલય (સંસદીય વિભાગ) ના અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ હુકમો (સુધારા) અધિનિયમ-૨૦૦૨ (૨૦૦૩ નો ૧૦ મો) તા.૮-૧-૨૦૦૩ ને ભારત સરકારના ન્યાય મંત્રાલય (સંસદીય વિભાગ) નવી દિલ્હીના અસાધારણ રાજપત્રમાં રજીસ્ટર નંબર ડી.એલ.-૩૩૦૦૪-૨૦૦૩ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલા (૩) ના અધિનિયમના બીજા શિડયુલમાં (ડી) મુજબ ઉપર ફકરા-૧ માં દર્શાવેલા નંબરો સામે દર્શાવેલી ગુજરાતની અનુસૂચિત જનજાતિઓ બાબતે નીચે મુજબ સુધારા-વધારા કરેલ છે. તેને સ્વીકારવાનું સરકારે ઠરાવેલ છે.

૯. 'ઢોડિયા', પછી '**ઢોડી**' ઉમેરવું.
૧૫. 'કોળી (કચ્છ જિલ્લામાં)' રદ કરવું.
૨૦. 'પારધી (કચ્છ જિલ્લામાં)' રદ કરવું.
૨૬. 'સીદ્દી પછી અને કૌંસ પહેલાં '**સીદ્દી બાદશાં**' ઉમેરવું.
૨૭. 'વાઘરી (કચ્છ જિલ્લામાં)' રદ કરવું.

ઉપર જણાવ્યા મુજબ સંબંધિત ઇસમોને અનુસૂચિત જનજાતિ તરીકેનું પ્રમાણપત્ર મળી રહે તે અંગે સંબંધિત સર્વે અનુસૂચિત જનજાતિનું પ્રમાણપત્ર આપવા સક્ષમ અધિકારીઓના ધ્યાને લાવીને સૂચના પાઠવવા તેમજ આનુષાંગિક ઘટતી કાર્યવાહી કરવા કમિશનરશ્રી, આદિજાતિ વિકાસને આથી જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન.એસ.રાવળ)
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા
(આદિજાતિ વિકાસ) વિભાગ

પ્રતિ,

- *૧. માન. રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- *૨. માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- ૩. સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ૪. માન. મંત્રીશ્રી (આ.ક.) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ૫. માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- ૬. સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) ના અગ્રસચિવશ્રીના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
- ૭. સચિવાલયના સર્વે વિભાગો (તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડાઓ / કચેરીઓના વડાઓ / યુનિર્વસીર્ટીઓ વિગેરેને જરૂરી કાર્યવાહી સારૂં જાણ કરવાની વિનંતી સહ.)
- ૮. કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ૯. વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ૧૦. સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- *૧૧. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર
- *૧૨. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- ૧૩. સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ૧૪. સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ / જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- ૧૫. સર્વે જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ / શિક્ષણાધિકારીશ્રીઓ / સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ
- ૧૬. સર્વે તકેદારી અધિકારીશ્રીઓ (આ.ક.) / સમાજ કલ્યાણ અધિકારી (આ.ક.)
- ૧૭. સર્વે પ્રાયોજના વહીવટદારશ્રીઓ
- ૧૮. સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- ૧૯. સામાજીક ન્યાય અને અધિકારીતા (આ.વિ.) વિભાગની સર્વે શાખાઓ
- ૨૦. નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ
- ૨૧. સિલેકટ ફાઇલ

* પત્ર દ્વારા.